NCS Code: 2633.0300, CCode: SS005

# પુરાલેખવેત્તા (એપિગ્રાફિસ્ટ)

પુરાલેખવિદ્યા એ પથ્થર અથવા ધાતુ જેવી સખત સામગ્રીમાં કોતરવામાં આવેલા શિલાલેખ અથવા આલેખોને ઉકેલવાનો અભ્યાસ છે. તે ભૂતકાળ વિશેની માહિતી પ્રદાન કરે છે. સામાન્ય રીતે ભારતમાં મોટાભાગના મંદિરોની દિવાલો પર શિલાલેખો કોતરેલા જોવા મળે છે.



## વ્યક્તિગત નિપુણતા

- તમે સ્વતંત્ર રીતે કામ કરવા માટે સક્ષમ છો
- તમને વસ્તુઓને એકસાથે રાખવી અથવા વસ્તુઓને જોડવી ગમે છે
- તમને અન્ય સંસ્કૃતિઓ વિશે શીખવાની મજા આવે છે

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૨,૦૦૦ થી ૧,૫૦,૦૦૦*** જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. ઈતિહાસ/કલા ઈતિહાસ/ પુરાતત્ત્વશાસ્ત્ર/એપિગ્રાફી અથવા કોઈપણ સંબંધિત વિષયમાં સ્નાતક (BA)ની ડિગ્રી મેળવો.

**અથવા**

ઈતિહાસ/કલા ઈતિહાસ/પુરાતત્ત્વશાસ્ત્ર/એપિગ્રાફી અથવા કોઈપણ સંબંધિત વિષયમાં ડિપ્લોમા પૂર્ણ કરો.

**અથવા**

સ્નાતકની ડિગ્રી પૂર્ણ કરો ત્યારબાદ અનુસ્નાતક (MA /પી.જી. ડિપ્લોમા) કરો તથા સમાન અથવા સંબંધિત વિષયમાં Ph.Dની ડિગ્રી મેળવો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

પુરાલેખવેત્તાનું અંદાજીત માસિક વેતન
રૂ. ૨૫,૦૦૦ થી ૩૦,૦૦૦* જેટલું હોય છે.

સ્રોત: https://bit.ly/3EB4WFN

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** ખાનગી અને સરકારી કોલેજો અને યુનિવર્સિટીઓ, સંગ્રહાલયો, સાંસ્કૃતિક સંસ્થાઓ અથવા મંડળો, સંશોધન સંસ્થાઓ વગેરે.

**કાર્યસ્થળનું વાતાવરણ:** આ ડેસ્ક જોબ નથી. સ્થાનિક મુસાફરી એ તમારી કામગીરીનો એક ભાગ છે. પાર્ટ-ટાઈમ કામ અને કરાર આધારિત નોકરીઓ ઉપલબ્ધ થઈ શકે છે. સંસ્થાઓ સામાન્ય રીતે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ અને દરરોજ ૮ થી ૯ કલાક કામ કરે છે. સંસ્થા મુજબ તેમાં ફેરફાર થઈ શકે છે. જરૂર પડે ત્યારે વધારાના કલાકો કામ કરવાનું બની શકે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે

## અપેક્ષિત પ્રગતિ પથ

જુનિયર રિસર્ચર → પુરાલેખવેત્તા → વરિષ્ઠ પુરાલેખવેત્તા

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

એપિગ્રાફિસ્ટ, એપિગ્રાફર

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ ઈતિહાસ/પુરાતત્ત્વ વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા, વડોદરા
૨. શ્યામા પ્રસાદ મુખર્જી ગવર્મેન્ટ ડિગ્રી કોલેજ, અલ્હાબાદ
૩. એમ.એન. કૉલેજ, વિસનગર
૪. ઈન્દિરા ગાંધી નેશનલ ટ્રાઈબલ યુનિવર્સિટી, અમરકંટક
૫. મદ્રાસ યુનિવર્સિટી, ચેન્નાઈ
૬. કલકત્તા યુનિવર્સિટી, કોલકાતા
૭. લખનૌ યુનિવર્સિટી, લખનૌ
૮. ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ કૉલેજ, રાજકોટ

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. એલ.ટી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૨. પુરાતત્ત્વ સંસ્થાન, ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (એ.એસ.આઈ.), નવી દિલ્હી
૩. યુકા તરસાડિયા યુનિવર્સિટી, સુરત
૪. ડેક્કન કોલેજ અનુસ્નાતક અને સંશોધન સંસ્થા, પુણે
૫. જનાર્દનરાય નાગર રાજસ્થાન વિદ્યાપીઠ યુનિવર્સિટી, ઉદયપુર
૬. જગદગુરુ રામભદ્રાચાર્ય દિવ્યાંગ યુનિવર્સિટી, ઉત્તર પ્રદેશ
૭. સી.યુ. શાહ યુનિવર્સિટી, સુરેન્દ્રનગર
૮. ઉમા આર્ટસ અને નાથીબા કોમર્સ મહિલા કોલેજ, ગુજરાત

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે – https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- www.ncs.gov.in
- https://anubandham.gujarat.gov.in

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**ડો. કે.વી. રમેશ** એક પ્રખ્યાત એપિગ્રાફિસ્ટ અને ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણ (એ.એસ.આઈ.)ના ભૂતપૂર્વ સંયુક્ત મહાનિર્દેશક હતા. શ્રી રમેશે મદ્રાસ યુનિવર્સિટીમાંથી સંસ્કૃત ભાષા અને સાહિત્યમાં અનુસ્નાતક અને કર્ણાટક યુનિવર્સિટી, ધારવાડમાંથી ડોક્ટરેટની પદવી હાંસલ કરી હતી. વર્ષ ૨૦૧૧માં ભારતના તત્કાલિન વડાપ્રધાન શ્રી મનમોહન સિંઘ દ્વારા એપિગ્રાફીના ક્ષેત્રમાં તેમના યોગદાન બદલ તેમને "ઓનર ઓફ એક્સેલન્સ" દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. વર્ષ ૨૦૧૩માં તેમનું અવસાન થયું. *

સ્ત્રોત:https://www.inmysore.com/eminent-epigraphist-dr-k-v-ramesh-passes-away

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.